સરકારી દાવાઓ પોકળ | કપડવંજ તાલુકાના અનેક ગામડાઓમાં પાણી માટે હજુ પણ વલખા

કપડવંજ તાલુકામાં 'નલ સે જલ' યોજનાના કરોડોના ખર્ચ છતાં ગ્રામીણોના ગળા સુકા

કરોડો રૂપિયા પાણીમાં ગયા? તંત્રની કામગીરી સામે ઉઠતા ગંભીર સવાલો

(પ્રતિનિધિ) કપડવંજ તા.૫

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા દરેક ઘર સુધી શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાના ઉમદા આશય સાથે 'નલ સે જલ' યોજના પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો છે. પરંતુ કપડવંજ તાલુકાના અનેક ગામડાઓમાં આ યોજના માત્ર કાગળ પર જ 'સફળ' દેખાઈ રહી છે. વાસ્તવિકતા એ છે કે આજે પણ ગ્રામીણ જનતા

પાણીના એક-એક ટીપા માટે તરસી રહી છે, જેના કારણે સ્થાનિકોમાં વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કપડવંજ તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા માટે સરકારે 'નલ સે જલ' યોજના હેઠળ મોટી ગ્રાન્ટ ફાળવી હતી. આ યોજના અંતર્ગત પાઈપલાઈનો નાખવા અને નળ કનેક્શન આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જોકે, કામગીરીમાં વેઠ ઉતારવામાં આવી હોવાના આક્ષેપો સાથે આજે પણ ઘણા ગામડાઓમાં નળ તો છે પણ તેમાં જળ નથી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાઈપલાઈનો નાખ્યા બાદ તેનું યોગ્ય ટેસ્ટિંગ કે જાળવણી કરવામાં આવી નથી. અનેક જગ્યાએ કામ અધૂરું છોડી દેવાયું છે, તો ક્યાંક પાણીનો સ્ત્રોત જ ઉપલબ્ધ ન હોવા છતાં નળ કનેક્શન આપી દેવાયા છે. કરોડોના ખર્ચ પછી પણ જો ગ્રામજનોએ પાણી માટે દૂર-દૂર સુધી ભટકવું પડતું હોય, તો આ રકમ કોના ખિસ્સામાં ગઈ તે એક મોટો તપાસનો વિષય છે.

કપડવંજ તાલુકામાં 'નલ સે જલ' યોજના અંતર્ગત થયેલી કામગીરીની ઉચ્ચસ્તરીય તપાસ થાય તેવી માંગ ઉઠી છે. જો વહેલી તકે પાણીની સમસ્યા હલ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ પણ ઉચ્ચારવામાં આવી છે.

નડિયાદ નજીક હાઈવે પર લક્ઝુરીયસ કારમાં ભીષણ આગ

નડિયાદ નજીક નેશનલ હાઈવે ૪ પર પીપલગ એપીએમસી પાસે એક લક્ઝરીયસ કારમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠવાની ઘટના બની હતી. આણંદથી અમદાવાદ તરફ જઈ રહેલી આ કારમાં સવાર બે વ્યક્તિએ સમયસૂચકતા વાપરી તુરંત બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. આ આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં લાખોની કિંમતની આખી કાર બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે હાઈવે પર વાહનચાલકોમાં અફરાતફરી મચી ગઈ હતી અને ટ્રાફિક વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. આ ઘટનાની જાણ થતા જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પહોંચી અંદાજે ૩૦ મિનિટની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. આગ સંપૂર્ણપણે બુઝાયા બાદ હાઈવે પરનો વાહનવ્યવહાર ફરી રાબેતા મુજબ શરૂ થયો હતો.

ઠાસરામાં પરિણીતાની આબરૂ લૂંટવાનો પ્રયાસ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૫

ઠાસરામાં ધોળા દિવસે માનવતા લજવતી ઘટના સામે આવી છે. પોતાના ઘરમાં દોઢ વર્ષની બાળકી સાથે આરામ કરી રહેલી 23 વર્ષીય પરિણીતાની એકલતાનો લાભ લઈ ગામના જ એક શખ્સે ઘરમાં ઘૂસી છેડતી કરી હતી. પરિણીતાની હિંમત અને પ્રતિકારને કારણે આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

ઠાસરાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી પરિણીતા ગત 3જી જુલાઈ 2026ના રોજ બપોરે ઘરે પોતાની દીકરી સાથે સૂતી હતી. આ સમયે શના મનુ ચાવડા નામનો શખ્સ અચાનક ઘરમાં ઘૂસી આવ્યો હતો અને અંદર ચાલ તેમ કહી પરિણીતાની આબરૂ લેવાના ઈરાદે તેનો હાથ પકડી બળજબરીપૂર્વક ખેંચતાણ કરી તેને નીચે પાડી દીધી હતી.

જોકે, ગભરાઈ ગયેલી પરિણીતાએ જ્યારે પતિને ફોન કરવાની વાત કરી, પરંતુ શના ચાવડાએ ઉલટાનું પોતાનો ફોન આપી તારા પતિને ફોન કર, મને કોઈની બીક લાગતી નથી તેમ કહી જોહુકમી બતાવી હતી. જોકે, પરિણીતાએ હિંમત દાખવીને જોરજોરથી બૂમાબૂમ કરવાનું શરૂ કરતા શના ચાવડા ત્યાંથી તાત્કાલિક ભાગી છૂટ્યો હતો.

આ બનાવની જાણ થતા જ ખાનગી કંપનીમાં નોકરી કરતા પરિણીતાના પતિ ઘરે દોડી આવ્યા હતા અને પરિવાર સાથે ડાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી શના મનુ ચાવડા સામે ગુનો નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર આકાશ ચૌધરીને સોંપી છે.

કપડવંજ નાગરિક સમિતિ મેદાને | ૧૧ સળગતા પ્રશ્નો અંગે ચીફ ઓફિસરને રજૂઆત કરી

કપડવંજમાં શુદ્ધ પાણી, ગટર અને સફાઈમાં લાલીયાવાડીથી હાલાકી

શહેરમાં ટ્રાફિક જેવા જનહિતના મુદ્દાઓ નાગરિક સમિતિએ ઉઠાવ્યાં

(પ્રતિનિધિ) કપડવંજ તા.૫

કપડવંજ શહેરમાં છેલ્લા ઘણા સમયથી વણઉકેલ્યા પ્રશ્નો અને નાગરિક સુવિધાઓના અભાવે જનતામાં જોવા મળતા રોષને વાંચા આપવા માટે કપડવંજ નાગરિક સમિતિ દ્વારા મહત્વનું કદમ ઉઠાવવામાં આવ્યું છે. સમિતિના સભ્યોએ આજે કપડવંજ નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે રૂબરૂ મુલાકાત કરી, નગરના વિવિધ જાહેર હિતના ૧૧ મુખ્ય પ્રશ્નો અંગે વિસ્તૃત લેખિત રજૂઆત કરી હતી અને તેનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી હતી.

કપડવંજ નાગરિક સમિતિ દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું હતું કે, નગરજનો તરફથી પીવાનું પાણી, ગટર, સફાઈ અને ટ્રાફિક જેવી પાયાની સુવિધાઓ અંગે સતત ફરિયાદો મળી રહી છે. સમિતિએ ખાસ કરીને દરરોજ નિયમિત અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા તેમજ અમુક વિસ્તારોમાં આવતા અશુદ્ધ પાણીની સમસ્યા અંગે ગંભીર તપાસ કરવા માંગ કરી છે. નગરની સ્વચ્છતા બાબતે ત્રિવેણી પાર્કથી ડાકોર ચોકડી સુધીના માર્ગ પરની સફાઈ અને ઉભરાતી ગટરોનો કાયમી નિકાલ લાવવા ચીફ ઓફિસરનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

કપડવંજ નાગરિક સમિતિએ ડોર-ટુ-ડોર કચરા સંગ્રહની કામગીરીમાં પારદર્શિતા લાવવા અને ટેન્ડરની શરતો મુજબ ગાડીઓ કાર્યરત રાખવા જણાવ્યું છે. તાજેતરમાં નગરમાં બનેલી ગેરકાયદેસર ફટાકડા ફેક્ટરીના વિસ્ફોટની ઘટનાને ધ્યાને રાખીને, જાહેર સ્થળોએ ફાયર એન.ઓ.સી. અને બી.યુ. પરમિશનની કડક તપાસ કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે. વધુમાં, વિકાસ કાર્યોમાં પારદર્શિતા માટે સીસી રોડના કામોના બોર્ડ લગાડવા અને નગરપાલિકાને મળતી વિવિધ સરકારી ગ્રાન્ટની વિગતો નોટિસ બોર્ડ પર જાહેર કરવાની માંગણી કરવામાં આવી છે.

તમામ મુદ્દાઓને ગંભીરતાથી લઈ કાર્યવાહી કરાશે

આ રજૂઆતોના અંતે ચીફ ઓફિસર દ્વારા તમામ મુદ્દાઓને ગંભીરતાથી લઈ યોગ્ય અને સમયસર કાર્યવાહી કરવાની ખાતરી આપવામાં આવી હતી. કપડવંજ નાગરિક સમિતિએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ કોઈપણ રાજકીય વિચારધારા વિના માત્ર નગરના હિત માટે કાર્યરત છે અને ભવિષ્યમાં પણ જનતાના પ્રશ્નો માટે સક્રિય રહેશે.

ચારૂસેટ યુનિ.ની વૈશ્વિક સિદ્ધિ ડાયમંડ રેટિંગ એનાયત થયો

શૈક્ષણિક ગુણવત્તા, રિસર્ચ અને ઇનોવેશનમાં શ્રેષ્ઠતા બદલ રેટિંગ એનાયત

(પ્રતિનિધિ) આણંદ તા.૫

ચાંગા સ્થિત ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ચારૂસેટ) એ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વધુ એક સુવર્ણ સફળતા હાંસલ કરી છે.

વિશ્વસ્તરીય ગુણવત્તા મૂલ્યાંકન સંસ્થા QS I-GAUGE દ્વારા સંસ્થાને વર્ષ 2026-2028 માટે પ્રતિષ્ઠિત 'ડાયમંડ રેટિંગ' પ્રદાન કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ ચારૂસેટની શૈક્ષણિક યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થઈ છે, જેણે યુનિવર્સિટીનું સ્થાન દેશની શ્રેષ્ઠ સંસ્થાઓની હરોળમાં વધુ મજબૂત કર્યું છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા QS I-GAUGE દ્વારા જાહેર કરાયેલા ઈન્સ્ટિટ્યુશનલ સ્કોરકાર્ડ અંતર્ગત આ રેટિંગ શિક્ષણની ગુણવત્તા, સંશોધન, નવીનતા, રોજગારક્ષમતા, અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ જેવા વિવિધ માપદંડોના સ્વતંત્ર મૂલ્યાંકનના આધારે આપવામાં આવ્યું છે. ચારૂસેટને પ્રાપ્ત થયેલું સન્માન તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને ગુણવત્તાયુક્ત સંશોધન પ્રત્યેની પ્રતિબદ્ધતા છે.

આ ગૌરવપૂર્ણ અવસરે યુનિવર્સિટીના પ્રમુખ સુરેન્દ્ર પટેલ, પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલે તમામ ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ સિદ્ધિ સમગ્ર ચારૂસેટ પરિવારના વર્ષોના સમર્પણ અને ટીમવર્કને આભારી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

બાકરોલની સ્પેક કૉલેજ દ્વારા 'બ્રેનીબીમ' આઈટી કંપનીમાં ઔદ્યોગિક મુલાકાતનું આયોજન કરાયું

આણંદ | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ દ્વારા બીસીએ અને બીબીએ (ISM) ના વિદ્યાર્થીઓ માટે 'બ્રેનીબીમ' કંપની ખાતે ઔદ્યોગિક મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સોફ્ટવેર ડેવલપમેન્ટ, એઆઈ અને આઈટી ઉદ્યોગની કાર્યપદ્ધતિનો પ્રત્યક્ષ અનુભવ કરાવવાનો હતો. આચાર્ય ડો. સુયોગ ઉપાસનીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉપયોગી માહિતી મેળવી હતી. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા હર્ષની લાગણી વ્યક્ત કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

જીસેટ દ્વારા 'કોગ્નિટિવ ન્યુરોસાયન્સ અને જનરેટિવ એઆઈ' પર છ દિવસીય કાર્યક્રમ સંપન્ન થયો

આણંદ | સીવીએમ યુનિવર્સિટી સંલગ્ન જીસેટ કોલેજમાં 'બ્રેઇન ટુ બોટ' થીમ પર આયોજિત આ રાષ્ટ્રીય કક્ષાના પ્રોગ્રામમાં દેશભરમાંથી ૧૮૦થી વધુ પ્રતિભાગીઓ જોડાયા હતા. આ કાર્યક્રમમાં ન્યુરોસાયન્સ અને જનરેટિવ AI ના શિક્ષણ અને સંશોધનમાં ઉપયોગો અંગે નિષ્ણાતો દ્વારા પ્રાયોગિક અને સૈદ્ધાંતિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટેક્નોલોજી અને માનવ મગજની કાર્યક્ષમતાના સમન્વય દ્વારા ભાવિ શિક્ષણ પદ્ધતિઓને વધુ અસરકારક બનાવવા પર આ કાર્યક્રમ દરમિયાન વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ડો. હિતેશ શાહના નેતૃત્વમાં આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

આણંદના મોગરી ગામની વિવિધ શાળાઓમાં 'વિશ્વ યોગદિન'ની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત, ક. મ. પટેલ બાલશાળા, શિશુવિહાર અને મહાત્મા ગાંધી વિદ્યાલય (ઉચ્ચતર પ્રાથમિક વિભાગ), મોગરી ખાતે 'વિશ્વ યોગદિન'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય રાકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિવિધ યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાનનું પ્રાયોગિક શિક્ષણ મેળવ્યું હતું. આ પ્રસંગે યોગને જીવનશૈલીનો ભાગ બનાવવા અને તેના દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ સાધવા અંગે વિશેષ માર્ગદર્શન અપાયું હતું. સમગ્ર શાળા પરિવારે આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક સહભાગી થઈને ઉત્તમ સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો.

ખેડા જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પદે નિયુક્ત જીગીશાબેન પરમારનું સન્માન કરાયું

કપડવંજ | ખેડા જિલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે નિયુક્તિ પામતા સશક્ત મહિલા અગ્રણી જીગીશાબેન પરમારનું સાવિત્રીબાઇ ફૂલે મહિલા સંગઠન દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. કપડવંજ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સંગઠનના મહિલા કાર્યકરો દ્વારા જીગીશાબેનનું શાલ ઓઢાડી અભિવાદન કરાયું હતું. આ પ્રસંગે જીગીશાબેને શિક્ષણનો વ્યાપ વધારવા અને સ્ત્રીઓને થતા અન્યાય સામે હંમેશા અવાજ ઉઠાવી તેમને ન્યાય અપાવવાની ખાતરી આપી હતી. આ સમારોહમાં પન્નાબહેન પરમાર, નીરૂબેન વણકર અને દક્ષાબેન મકવાણા સહિત અનેક અગ્રણી બહેનોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

કપડવંજ તાલુકામાં ૨.૧૫ કરોડના ખર્ચે માર્ગોના નવીનીકરણનું ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

કપડવંજ | મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાએ તૈયબપૂરા-વડાલી બાયપાસ અને કેવડીયા-પુનાદરા માર્ગોના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ યોજના હેઠળ કુલ ૨.૧ કિમી લંબાઈના રસ્તાઓને ₹૨.૧૫ કરોડના ખર્ચે મજબૂત કરી ૩.૭૫ મીટરથી ૫.૫૦ મીટર સુધી પહોળા કરવામાં આવશે. ભારે ટ્રાફિક ધરાવતા અને વર્ષો જૂના કાચા રસ્તાઓને પાકા બનાવીને ગ્રામીણ સ્તરે પરિવહન અને માળખાગત સુવિધાઓ વધુ સુદ્રઢ કરાશે. આ પ્રસંગે જિલ્લા-તાલુકા પંચાયતના પદાધિકારીઓ સહિત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ જીઆરડી પોલીસ સબ ઇન્સ્પેક્ટર વી.એ. કડિયાનો વિદાય સમારંભ યોજાયો

આણંદ | આણંદ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે જી.આર.ડી. પીએસઆઇ તરીકે કાર્યરત વી.એ. કડિયા વયનિવૃત્ત થયા છે. આ પ્રસંગે આણંદ જિલ્લા જીઆરડી તાલુકા માનદ અધિકારીઓ દ્વારા જી.આર.ડી. કચેરી ખાતે તેમના સન્માનમાં એક વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓએ વી.એ. કડિયા પ્રશંસનીય કામગીરીને બિરદાવી તેમને ભાવભીની વિદાય આપી હતી. આ વિદાય વેળાએ જી.આર.ડી. વિભાગના વિવિધ પદાધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આણંદના ડી.એન. કેમ્પસમાં વડીલો માટે 'સાજ હમારા આવાઝ તુમ્હારી' સંગીત સંધ્યા યોજાઇ

આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સિનિયર સિટીઝન ફોરમ દ્વારા પ્રાર્થના મંદિર ખાતે મનોરંજક સંગીત સંધ્યાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જી.એન. ભાવસાર ગ્રુપના કલાકારોએ ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા અને વરિષ્ઠ સભ્યોને આરોગ્ય માર્ગદર્શન સાથે વિટામિન B12 દવાનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં દાન આપનાર દંપતી, શ્રેષ્ઠીઓ અને મે-જૂન માસમાં જન્મદિન ઘરાવતા સભ્યોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા સિનિયર સિટીઝન ફેડરેશનના અધ્યક્ષ અને ફોરમના હોદ્દેદારો હાજર રહ્યાં હતાં.

આણંદના ઓડની શાળામાં પર્યાવરણ જાગૃતિ અર્થે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

આણંદ | આણંદના ઓડ શહેરમાં શ્રી પ્રમુખ સ્વામી અંગ્રેજી માધ્યમ શાળા દ્વારા વિદ્યાર્થીઓને પ્રકૃતિના રક્ષણ વિશે શિક્ષિત કરવા માટે પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ શાળાના મેદાનમાં ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું અને હવાને સ્વચ્છ રાખવામાં વૃક્ષોના મહત્વ વિશે જાણકારી મેળવી હતી. આ પ્રસંગે આચાર્ય અને સમિતિ સભ્યોની ઉપસ્થિતિમાં સૌએ પાણી બચાવવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાના સામૂહિક શપથ લીધા હતા. આ સફળ કાર્યક્રમે વિદ્યાર્થીઓને જવાબદાર નાગરિક અને પર્યાવરણના રક્ષક બનવા માટે પ્રોત્સાહિત કર્યાં હતાં.

આણંદમાં વરિષ્ઠ નાગરિકોએ 'જિંદગી હજી બાકી છે દોસ્ત' ફિલ્મ નિહાળી

આણંદ | આણંદ જિલ્લા સિનિયર સિટીઝન ફેડરેશન અને રઘુવીર ફાઉન્ડેશન દ્વારા શાન મોલ ખાતે વરિષ્ઠ નાગરિકો માટે ખાસ પ્રેરણાદાયી ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજેન્દ્રભાઈ વ્યાસ નિર્મિત આ ફિલ્મ દ્વારા વરિષ્ઠ નાગરિકોમાં જીવન પ્રત્યે હકારાત્મક સંદેશ પહોંચાડવાના ઉમદા આશયને સારો પ્રતિસાદ મળ્યો હતો. મુખ્ય મહેમાન મહેશભાઇ પટેલ અને વિવિધ સંગઠનોના સભ્યોએ ઉપસ્થિત રહી આ પ્રેરણાદાયી ફિલ્મને બિરદાવી હતી. હસમુખભાઇ કારીયાના સહયોગ અને કાર્યકરોની જહેમતથી આ સમગ્ર કાર્યક્રમ વરિષ્ઠ નાગરિકો માટે યાદગાર બની રહ્યો હતો.

વસો બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

વસો | વસો સેવા કેન્દ્રમાં આદરણીય તરુદીદીના માર્ગદર્શન હેઠળ તાલુકા પંચાયત પ્રમુખ દશરથભાઈ તથા અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ નિષ્ણાતોના માર્ગદર્શનમાં યોગાભ્યાસ કર્યો અને સ્વસ્થ તેમજ તંદુરસ્ત જીવન જીવવા માટેનો દ્રઢ સંકલ્પ લીધો હતો. વિવિધ ગામના સરપંચો અને અગ્રણીઓએ યોગને જીવનનો અભિન્ન ભાગ બનાવવા અંગે પોતાના પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમના અંતે તમામ મહેમાનો અને ભાઈ-બહેનો માટે ભોજન-પ્રસાદની સુંદર વ્યવસ્થા સાથે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આણંદ કીટી ક્લબ દ્વારા વિવિધ થીમ સાથે વાર્ષિક મહોત્સવની ધમાકેદાર ઉજવણી કરાઇ

આણંદ | કીટી ક્લબ આણંદ દ્વારા આયોજિત આ ઉત્સવમાં કમિટી અને વિવિધ ગ્રુપ્સ દ્વારા ડાન્સ, દોસ્તી અને મસ્તીના અનોખા અંદાજ સાથે સુંદર સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંગીતા અરોરાની સ્ટેન્ડ-અપ કોમેડી અને સીનિયર સીટીઝન સહિતના વિવિધ ગ્રુપ્સની અભિવ્યક્તિએ સૌ મેમ્બર્સને મંત્રમુગ્ધ કર્યા હતા. અલ્પાબેન પટેલ અને જાગૃતિબેન શાહ જેવા આમંત્રિત મહેમાનોએ ક્લબની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને કારોબારી સભ્યો દ્વારા તેમનું વિશેષ સન્માન કરાયું હતું. મનીષા સોલંકીના સંચાલન હેઠળ કાર્યક્રમ સંપન્ન થયો હતો.